ક્રમાંક;મઉમશબ/શાનિ/ 22/22/2...
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેકટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા:- 1-2-2018

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
બનાસકાંઠા-પાલનપુર
પ્રા. વિ. ૩
આવક/જાવક નં...205...
તા. 6/2/18
સહી.

પ્રતિ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ.

વિષય:- શાળાઓમાં બાળકોની સલામતીના ધોરણો જાળવવા બાબત.

સંદર્ભ:- ૧) ગુ.મા અને ઉ.મા શિ.બોર્ડના ક્રમાંક:- મઉમશબ/ગ/૨૦૦૮/૬૮૬૦-૮૫તા.૨૧/૦૭/૨૦૦૮.

૨) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડના ક્રમાંક:- મઉમશબ/સંશોધન/૩૨૯, તા.૨૦/૦૭/૨૦૦૯

૩) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડના ક્રમાંક:- મઉમશબ/શાનિ/૧૫૮૮૯-૯૨૮, તા.૩૦/૧૦/૨૦૧૭.

૪) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડના ક્રમાંક:- મઉમશબ/શાનિ/૧૫૧૧૧-૧૫૧, તા.૩૦/૧૦/૨૦૧૭.

૫) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડના ક્રમાંક:- મઉમશબ/૧૫૨૮૯-૩૨૫, તા.૧૦/૦૫/૨૦૧૭.

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે બોર્ડ દ્વારા બોર્ડની માન્યતા લીધેલ શાળાઓમાં બાળકોની સલામતીના ધોરણો જાળવવા અંગે રાજયની તમામ સરકારી, ગ્રાન્ટેડ, બિનસરકારી, અને અન્ય વિભાગો દ્વારા સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર શાળાઓને વિગતવાર સૂચનાઓ સંદર્ભ દર્શિત પરિપત્રોથી કરવામાં આવેલ છે આ સૂચનાઓનું શાળાઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

વધુમાં કમિશનરશ્રી વાહન વ્યવહાર, ગુજરાત રાજય ગાંધીનગરે તા.૨૩/૦૧/૨૦૧૮ના પત્ર ક્રમાંક:- માર્ગ સલામતી/અખબારી અહેવાલ/૨૦૧૭/૫૦૫ થી ટાઇમ્સ ઓફ ઇન્ડિયાના તા.૨૦/૦૧/૨૦૧૮ના દૈનિકમાં પ્રસિધ્ધ થયેલ અહેવાલ સંદર્ભે નીચે મુજબ સૂચન કરેલ છે. તે મુજબ શાળાકક્ષાએ રેકર્ડ નિભાવવાનું રહેશે.

" શાળાઓમાં જે વિદ્યાર્થી ટુ-વ્હીલર વાહનો લઇને આવે તેવા તમામ વિદ્યાર્થીઓની અલાયદી યાદી તૈયાર કરવી જેમાં વિદ્યાર્થીનું નામ,સરનામું સંપર્ક નંબર, વાલીનું નામ, સંપર્ક નંબર, સહિતની તમામ વિગતો તૈયાર રાખવી. "

અગાઉ સલામતી બાબતની જે સૂચનાઓ આપવામાં આવેલ છે તેનું પણ કડકપણે પાલન થાય તે ખાસ ધ્યાને લેવા સૂચના આપવામાં આવે છે.

~~સચિવ~~ વતી
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

Scanned by CamScanner

ક્રમાંક:પ્રા.વિ.-૩/વશી/૨૦૧૮/૨૪૮૫ / ૫૨૫૭

જિલ્લાશિક્ષણાધિકારી કચેરી

બનાસકાંઠા,પાલનપુર

તા. ૬/૨/૧૮

પ્રતિ,

આચાર્ય શ્રી,

તમામ સરકારી,/ગ્રાન્ટેડ/ નોન ગ્રાન્ટેડ/ મા.અને ઉ.મા. શાળાઓ

શાળાઓમાં જે વિદ્યાર્થી ટુ વ્હીલર વાહનો લઈને આવે તેવા તમામ વીદ્યાર્થીઓ ની યાદી તૈયાર કરવી જેમાં વીદ્યાર્થી નું નામ,સરનામું સંપર્ક નંબર,વાલીનું નામ સંપર્ક નંબર,ની યાદી તૈયાર કરી અત્રેની કચેરીમાં મોકલી આપશો.

જિલ્લાશિક્ષણાધિકારી

બનાસકાંઠા,પાલનપુર

Scanned by CamScanner